પા.યો.વર્તુળ
શાખા TC
ક્ર.અ.
સંગત
મદદનીશ
અ.ઈ.
આવક નં.
તારીખ

**વેટને સ્થાને જી.એસ.ટી.ના અમલવારી તથા પર્સન્ટેજ રેટ (બી-૧) ટેન્ડર ફોર્મના માપદંડોમાં સુધારો થતા બી-૧ અને બી-૨ ફોર્મના કલોઝમાં સુધારા બાબત**

પરિપત્ર ક્રમાંકઃ એસએસઆર-૧૦-૨૦૧૭-૫૦-સી
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં. ૧૪, નવા સચિવાલય,
ગાંધીનગર
તા.૧૧/૦૯/૨૦૧૭

**સુધારોઃ-**

સંદર્ભઃ- માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ એસએસઆર-૧૦-૨૦૧૭-૫૦-સી તા.૨૯/૦૮/૨૦૧૭

સંદર્ભમાં નિર્દિષ્ટ માર્ગ અને મકાન વિભાગના તા.૨૯/૦૮/૨૦૧૭ના પરિપત્રના ફોર્મ બી-૧ કલોઝ નં.૨૪ માં કરેલ સુધારો કે જેમાં જણાવેલ છે કે **"ઇજારદારશ્રીને તેમણે કરેલ કામગીરી અંગે જયારે પણ બીલની ચૂકવણી કરવાની થાય ત્યારે ઉપરોકત સૂચવેલ પધ્ધતિ પ્રમાણે તે કામ કરવામાં આવેલ છે કે કેમ? તેની ખરાઇ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી પાસે કરાવ્યા બાદ જ બીલનું ચૂકવણું કરવામાં આવશે"** ને આથી રદ કરવામાં આવે છે.

આથી તા.૨૯/૦૮/૨૦૧૭ના પરિપત્રના ઉપરોકત સિવાયની બાકીની સૂચનાઓ યથાવત રહે છે. આ સૂચનાનો ચુસ્તપણે તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

(એન.જી.પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

૧. અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રીનું કાર્યાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રીનું કાર્યાલય, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ